
# પૂર્વ ઉપરાષ્ટ્રપતિ મો. હામિદ અન્સારીની દૃષ્ટિએ દેશ કેટલો બદલાયો?

20 07થી 2017 સુધી દેશના ઉપરાષ્ટ્રપતિ રહેનારા મોહમ્મદ હામિદ અન્સારીની મુખ્યત્વે ઓળખ ભલે આ સમય અને પદમાં જ સમાઈ જતી હોય; પરંતુ જ્યારે તેમના જીવનની વિગત જોઈએ તો તેમાં 'ઈન્ડિયન ફોરેન સર્વિસ'નો દીર્ઘકાળ અને ઉમદા લેખક તરીકે થયેલા તેમના બહુમાનની અનેક વિગતો મળે છે. 1961માં 'ઈન્ડિયન ફોરેન સર્વિસ' સાથે જોડાયેલા મોહમ્મદ હામિદ અન્સારી 38 વર્ષ સુધી ભારતીય રાજદૂત તરીકે ઑસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન, ઈરાન અને સાઉદી અરેબિયા જેવા દેશોમાં રહ્યા. એટલું જ નહીં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે તેમણે 1993થી 1995 દરમિયાન સેવા આપી. 'અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી'ના ટૂંકા ગાળા માટેના વાઈસ ચાન્સેલર અને 'નેશનલ કમિશન ફોર માઈનોરિટીઝ'ના ચેરમેન પણ તેઓ રહી ચૂક્યા છે. આટલો વ્યાપક અનુભવ હોય તો સ્વાભાવિક છે કે તેમના જીવનની અનેક એવી ઘટનાઓ હોય જેનાથી રૂબરૂ થઈએ તો આપણે જે દૃષ્ટિથી દેશને, વિદેશી સંબંધો જોઈએ છે ઉપરાંત પણ અનેક એવા વિષયોને આપણે વધુ જાણી-સમજી શકીએ. હાલમાં તેમનું એક વધુ પુસ્તક આવ્યું છે. આ પુસ્તકનું નામ છે : 'આર્ગ્યુબલી કન્ટિજિયસ : થૉટ ઑન અ ડિવાઈડેડ વર્લ્ડ.' આ પુસ્તકમાં મોહમ્મદ હામિદ અન્સારીએ આપણી આસપાસના દેશો સાથેના સંબંધો ઉપરાંત આપણા દેશની આસપાસ રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક આવી રહેલા બદલાવને પોતાની




ત્યારે તેઓ કહે છે કે, ''મેં પહેલા દિવસે જ કહ્યું હતું કે ક્રિકેટમાં જેમ અમ્પાયર છે. હું તેની જેમ જ છું. ચેરમેન છે તે અમ્પાયર છે. તેની પાસે રૂલ બુક છે. તે રમતને નિહાળે છે. ખૂબ સારી રીતે નિહાળે છે. સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરે છે પરંતુ તેમાં દખલ દેતો નથી. આ ફોર્મ્યુલા ખૂબ સરળ હતી અને બધું જ એ રીતે ખૂબ સહજતાથી ચાલ્યું. ઘણી વાર કોઈ ઉત્સાહથી એવું મને કહેતા કે તમે આ કેમ નથી કરી રહ્યા? ત્યારે મારો જવાબ રહેતો કે તે રૂલ બુકમાં નથી.''

આ પૂરા ઈન્ટરવ્યૂમાં જે એક વાત અવારનવાર આવે છે તે કે મો. અન્સારીએ પોતાના પદ પર રહીને જે કંઈ પણ કર્યું તેમાં તેઓ બંધારણને વળગી રહ્યા. 2014માં જ્યારે 'એનડીએ'ની સરકાર આવી તો એક સમય એવો આવ્યો જ્યારે સરકારના બિલ ઉપરાષ્ટ્રપતિ પાસે અટવાતાં હતાં. તે વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મો. અન્સારીને કારણ પૂછ્યું હતું તો તેમનો સ્પષ્ટ ઉત્તર હતો કે સંસદમાં કોઈ પણ મુદ્દે તમામનો મત મુકાવો જોઈએ. મતલબ કે જે પ્રક્રિયા નિર્ધારિત થઈ છે તે થવી જોઈએ. લોકશાહીમાં જે પ્રક્રિયા નિર્ધારિત થઈ છે તેના તેઓ તરફદાર રહ્યા અને તે માટે તેમણે કોઈ બાંધછોડ કરી નહીં.

આપણી બંધારણીય સંસ્થાઓ અને તેમના વડાનો રૂતબો કેવો હતો તે અંગે તેઓ એક ઘટના ટાંકે છે. મો. હામિદ અન્સારી જ્યારે ન્યૂયોર્કમાં રાજદૂત હતા ત્યારે જમ્મુ-કાશ્મીરમાં કશીક ઊથલપાથલ થઈ હતી. આંતરરાષ્ટ્રિય સ્તરે મો. અન્સારી પર અનેક દબાણ આવી રહ્યાં હતાં. તે વખતે તેઓ આ મુદ્દે વાત કરવા દિલ્હીમાં વડા પ્રધાન પાસે

નજરે જોયા છે.

પૂર્વ ઉપરાષ્ટ્રપતિ રહ્યા હોવા છતાંય મોહમ્મદ હામિદ અન્સારી જેવી વ્યક્તિનાં પુસ્તકોના અનુવાદ ગુજરાતીમાં ઝડપથી થતાં નથી. થાય છે તો તે લોકો સુધી સહજતાથી પહોંચે તેવું શક્ય બનતું નથી. હાલમાં તેમનું પુસ્તક આવ્યું છે અને તેમણે કપિલ સિબ્બલ સાથેના ઈન્ટરવ્યૂમાં પોતાના જીવન અને દેશ સંબંધિત અનેક બાબતોને ખુલ્લા મને કહી છે. આ ઈન્ટરવ્યૂમાં તેઓ ઈરાન વિશે કહે છે કે, ''ઈરાન સાથેના આપણા સંબંધો ખૂબ સારા હતા. ત્યાં ક્રાંતિ થઈ તે પહેલાં પણ આપણા તેમની સાથેના સંબંધ ખૂબ સારા હતા અને પછી પણ, પરંતુ વચ્ચે-વચ્ચે આપણા તે સંબંધ વચ્ચેની કડીઓ તૂટી. આપણે અનેક વખત આંતરરાષ્ટ્રિય સ્તરે ઈરાનના વિરોધમાં મત આપ્યો પરંતુ તે સમય એવો હતો કે આપણે ઈરાનમાં જે થઈ રહ્યું છે તે સમજી શકતા નહોતા. ખૂબ ઓછા લોકો હતા જે આ સમજી શકતા હતા. વડાં પ્રધાન ઈન્દિરા ગાંધીમાં એક ઈન્સ્ટિક્ટ હતી. ઈરાનમાં ક્રાંતિ થઈ ત્યારે ત્યાં એક સીનિયર રાજદૂત હતા. ઈન્દિરા ગાંધીએ તેમને તત્કાલ ટ્રાન્સફર કરી દીધા અને જુનિયર સ્તરના જોઈન્ટ સેક્રેટરીને ત્યાં મોકલ્યા. તે જોઈન્ટ સેક્રેટરી ઈરાનને વધુ સારી રીતે સમજતા હતા.'' મો. હામિદ અન્સારી એવું સ્પષ્ટ જણાવે છે કે જ્યારે બ્યૂરોક્રસી સાથે રાજકીય આગેવાનોના સંબંધ સારા હોય તો વડા પ્રધાન સફળ વડા પ્રધાન બને છે. બ્યૂરોક્રસી અને સરકાર જો એકબીજાને ન સમજે તો દેશને મોટું નુકસાન જઈ શકે છે.

**ઈન સાઈડ આઉટ સાઈડ**
**કિરણ કાપૂરે**

ઈરાનના મુદ્દા પછી અનેક વાત મો. હામિદ અન્સારી સાથે કપિલ સિબ્બલ કરી રહ્યા છે પરંતુ તે પછીનો મુદ્દો આવે છે પેલેસ્ટાઈન વિશેનો. આ અંગે આપણું વલણ કેવી રીતે બદલાયું છે તે વિશે મો. અન્સારી કહે છે કે, ''પેલેસ્ટાઈન વિશે આપણું વલણ ખૂબ બદલાયું છે અને તે બદલાવ અયોગ્ય છે કારણ કે આપણી પેલેસ્ટાઈન વિશેની નીતિ આજની નથી. ગાંધીજીનું વલણ હતું. જવાહરલાલ નેહરુનું વલણ હતું. તે બધાનું વલણ પેલેસ્ટાઈનતરફી રહ્યું હતું. આ વલણ બદલાયું તેનું એક કારણ માત્ર રાજકારણ છે.'' બીજું કે તેઓ પેલેસ્ટાઈન અને ઈઝરાયલ વચ્ચે જે

**જ્યારે બ્યૂરોક્રસી સાથે રાજકીય આગેવાનોના સંબંધ સારા હોય તો વડા પ્રધાન સફળ વડા પ્રધાન બને છે. બ્યૂરોક્રસી અને સરકાર જો એકબીજાને ન સમજે તો દેશને મોટું નુકસાન થઈ શકે છે**

કંઈ થઈ રહ્યું છે તે માટે જવાબદાર અમેરિકા અને બ્રિટનને માને છે. મો. અન્સારી એવું સ્પષ્ટ જણાવે છે કે પેલેસ્ટાઈનમાં જે કંઈ ઈઝરાયલે કર્યું તેમાં ખાડી દેશોએ કશોય વિરોધ નોંધાવ્યો નહીં. તેનું કારણ તેઓ એમ માને છે કે આ તમામ દેશોનો નિર્વાહ અમેરિકા અને યુરોપના આધારે થાય છે. જ્યારે કપિલ સિબ્બલ એવું પૂછે છે કે પેલેસ્ટાઈનના મુદ્દે મુસ્લિમ દેશો નથી બોલ્યા? મો. અન્સારી ત્યારે સ્પષ્ટ કહે છે કે આ માત્ર મુસ્લિમોનો પ્રશ્ન નથી, બલકે ન્યાયનો છે! પેલેસ્ટાઈનના મુદ્દે વિરોધ કોણ દર્શાવે છે તે અંગે પણ મો. અન્સારી કહે છે કે, આ અંગે ઈન્ડોનેશિયા ખોંખારીને બોલે છે. દક્ષિણ આફ્રિકા પણ અવાજ ઉઠાવે છે. ઈરાન બોલે છે.

'યુપીએ' સરકારમાં જ્યારે કપિલ સિબ્બલ મંત્રી હતા ત્યારે એક ગાળા દરમિયાન મો. અન્સારી 'નેશનલ કમિશન ફોર માઈનોરિટીઝ'ના ચેરમેન હતા. તેમને આ ભૂમિકા વિશે જ્યારે પૂછવામાં આવ્યું

આવ્યા. આ ઘટના નેવુંના દાયકાની છે. તે વખતે વડા પ્રધાને મો. અન્સારીને તત્કાલીન ચૂંટણી કમિશ્નર ટી. એન. શેષાનને મળવા જણાવ્યું. મો. અન્સારીએ કહ્યું કે મારી તેમની પાસે જવાની હિંમત ચાલતી નથી. તે પછી વડા પ્રધાને પોતાના સેક્રેટરી દ્વારા ટી. એન. શેષાનનો સમય લઈ આપ્યો અને મો. અન્સારી તેમને મળવા ગયા. મો. અન્સારી ટી. એન. શેષાન આગળ કોઈ રજૂઆત કરે તે પહેલાં તો શેષાન જ તેમને કહેવા લાગ્યા કે આપણા દેશમાં શું થઈ રહ્યું છે તે પહેલાં તમારે જાણવું જોઈએ. એમ કહીને મો. અન્સારીને દેશની બધી જ વિગત ટી. એન. શેષાને જણાવી. આ એક મુલાકાતમાં મો. અન્સારીને ખ્યાલ આવી ગયો કે તેમણે કેવું વલણ રાખવાનું છે.

આ પૂરી ઘટનાને લઈને તેઓ બંધારણીય પદ પર રહેલાં અધિકારીઓના વલણ અને તેમની પાસે રહેલી રૂલ બુકની વાત કરે છે. અહીં ફરી તેઓ ચૂંટણી કમિશ્નર ટી. એન. શેષાનની એક વાત ટાંકે છે કે જ્યારે ચૂંટણી થતી હતી ત્યારે ટી.એન. શેષાન અધિકારીઓને એવું સ્પષ્ટ સુણાવી દેતા કે ભૂલી જાઓ કે તમે જોઈન્ટ સેક્રેટરી છો. હવે તમે મારી અન્ડરમાં છો. કશુંય ગરબડ થઈ તો હું શિસ્તભંગનાં પગલાં લઈશ. આજે જે ઈલેક્શન કમિશન કરી રહ્યું છે તેનાથી મો. અન્સારી પોતાની નારાજગી દર્શાવે છે.

આખરે તેઓ એવું પણ કહે છે કે, આજે આપણી વ્યવસ્થા દુનિયામાં ખૂબ બદનામ થઈ છે. એક સમય હતો જ્યારે આપણે ગર્વ સાથે કહેતા હતા કે અમારી વ્યવસ્થા ખૂબ સારી છે.

આજે આ વ્યવસ્થા સારી નથી અને દુનિયામાં પણ લોકોને તેની ખબર પડી છે. આવું ઘણું આપણા પૂર્વ ઉપ રાષ્ટ્રપતિએ આ ઈન્ટરવ્યૂમાં કહ્યું છે. જો કે મો. અન્સારીને સાંભળવા કરતાં વાંચવા જોઈએ તેવું આ લખતા ખ્યાલ આવ્યો કારણ કે તેઓ જાણતા હોય તેવી ઘણી વાતો ઑન-કેમેરા કહેવા ન માંગતા હોય તેમ લાગ્યું. •



# મેરે અંગને મેં તુમ્હારા ક્યા કામ હૈ?

એક નાના શહેર અને મહાનગર મુંબઈ વચ્ચે એક મોટો ફરક એ છે કે મુંબઈમાં કામ પૂરું થઈ ગયા પછી અહીં કોઈ કોઈને પૂછતું નથી. આજે જે ગાયક, ખેલાડી કે અભિનેતાની પાછળ મુંબઈવાળાઓ ગાંડાની જેમ દોડે છે, એમનો સમય પૂરો થઈ ગયા પછી તેઓ ક્યાં અને કેવી હાલતમાં જીવન જીવી રહ્યા છે એની ન તો કોઈને ખબર હોય છે અને ન તો કોઈને ચિંતા! આ શહેરમાં જો કોઈ માણસ કોઈના કામનો નથી, તો તમે એ સમજી લો કે એ માણસ શહેર માટે મરી ચૂક્યો છે. અહીં જૂના ફિલ્મ સ્ટાર્સ એમની જૂની યાદોને સંભળાવવા માટે તરસે છે પણ કોઈ એમને સાંભળવા માટે મળતું નથી એટલે એમના માટે આખા જીવનમાં નિરાશા છવાઈ ગઈ. અહીંયાં સંબંધોને જીવતા રાખે છે. અહીં સમય કે કાળ, માણસ અને માનવતા બંનેને ખાઈ જાય છે. બસ સ્વાર્થ બાકી રહે છે અને સંબંધો ધીમે ધીમે મરી જાય છે. પછી તો એ જ રાગ : 'મેરે અંગને મેં તુમ્હારા ક્યા કામ હૈ?'

છેલ્લા 3-4 વરસથી હું જોઈ રહ્યો છું કે મુંબઈના લોકો, વરસાદી મોસમમાં વરસાદથી હંમેશાં નારાજ રહે છે અને અતિવૃષ્ટિ પર સદા યે ગુસ્સે થયે રાખે છે. આ પહેલાં પણ ગયાં બે વરસે ઘણો વરસાદ પડ્યો હતો અને એટલું પાણી ભરાઈ ગયું હતું કે મુંબઈ, જાણે બે ભાગમાં વહેંચાઈ ગયું હતું પણ ત્યારે કોઈ ગુસ્સે નહોતું થયું. ત્યારે જે તળાવમાં પીવાનું પાણી વરસાદથી ભરાય છે, એ ખાલી હતું અને મુંબઈને વરસાદની ખૂબ ગરજ હતી. જે રીતે ફિલ્મનું ગીત લખાવતાં પહેલાં ફિલ્મનો

**આપણાં ધંધાડું શહેરો બહુ નિર્દય હોય છે. ત્યાં આત્મીયતા કે લાગણીનાં સમીકરણો સતત બદલાતાં રહે છે. આજે જે માણસ પોતાની ગરજને લીધે તમને ખાવાનું ખવડાવે છે, એ કાલે પાણીના ગ્લાસ માટે પણ પૂછતો નથી. અહીં તમે માત્ર બે જ સ્થિતિમાં જીવી શકો છો. એક માલિકની અને બીજી મજૂરની! આ સિવાય કોઈ પણ પ્રકારના માનવીય સંબંધની કલ્પના કરવી એક મૂર્ખતાભરી કલ્પનામાં રાચીને જીવવા જેવું છે**

વરસોથી રોજેરોજ આવું જ થાય છે. ધારો કે તમે કોઈ ફિલ્મમાં ડાયલોગ લખી રહ્યા છો. તમે લખેલા ડાયલોગનો છેલ્લો કાગળ હાથમાં આવ્યા પછી નિર્માતા, નિર્દેશક તમારા ઘરનું સરનામું ભૂલી જાય છે, ફોનનંબર ભૂલી જાય છે અને ડબિંગ પૂરું થયા પછી જે હીરો-હીરોઈનના ઘરનાં ચક્કર લગાવતા એ લોકો થાકતા નહોતા, હવે એ બધાં એમનાં ઘરની તરફ જોતા પણ નથી. એક જૂના જમાનાના સુપરસ્ટાર અભિનેતા મને અફસોસ કરીને કહી રહ્યા હતા કે એક સમયે મારા જન્મદિવસ પર એટલા બધા ગુલદસ્તા આવતા કે આખું ઘર ફૂલોથી ભરાઈ જતું. આજે કોઈ અભિનંદન આપવા માટે એક ફોન પણ કરતું નથી.

**શરદ જોશી સ્પીકિંગ**
**સંજય છેલ**

આપણાં ધંધાડું શહેરો આ બાબતમાં બહુ નિર્દય હોય છે. ત્યાં આત્મીયતા કે લાગણીનાં સમીકરણો સતત બદલાતાં રહે છે. આજે જે માણસ પોતાની ગરજને લીધે તમને ખાવાનું ખવડાવે છે, એ કાલે પાણીના ગ્લાસ માટે પણ પૂછતો નથી. અહીં તમે માત્ર બે જ સ્થિતિમાં જીવી શકો છો.

એક માલિકની અને બીજી મજૂરની! આ સિવાય કોઈ પણ પ્રકારના માનવીય સંબંધની કલ્પના કરવી એક મૂર્ખતાભરી કલ્પનામાં રાચીને જીવવા જેવું છે. એ લોકો ખરેખર ધન્ય છે, જેઓ હજી યે આ જમાનામાં પારિવારિક નિર્માતા, ગીતકારનાં બધાં નખરાં સહન કરે છે, એ જ રીતે પીવાનું પાણી મળે ત્યાં સુધી મુંબઈને વરસાદના બધા અત્યાચારો માન્ય હતા પણ તળાવમાં એક વાર પાણી ભરાઈ ગયું એટલે વરસાદના અત્યાચારો સહન કરવાની પછી જરૂર નથી રહેતી. જરૂરિયાત જેટલું પાણી ભરાઈ ગયું છે, શહેરની ગંદકીની સફાઈ માટે આખું વર્ષ રાહ જોઈએ છીએ એ બધું પાણીથી ધોવાઈ ગયેલું. પછી પાણીની શું જરૂર?

તો પછી, અરે ભાઈ ઓ વાદળ, ચલો આગળ વધો, આમ અમને હેરાન ન કરો! હવે ઓ વાદળો, હવે અહીયાં કેમ ઊભા છો? અમને આવવાજવામાં તકલીફ પડે છે. જાવ, જાવ, હવે આવતા વર્ષે આવજો, હોં...

માણસ માણસ વચ્ચેના સંબંધમાં જે સ્વાર્થ છે, એ જ સ્વાર્થ અહીયાં માણસ ને પ્રકૃતિના સંબંધમાં છે.

કામ પૂરું થઈ ગયા પછી કોઈ કોઈને પૂછતું નથી. એ જ રીતે દર વરસે લોકો, પાણી મળ્યા પછી કહે છે :

'ચાલો વાદળ નીકળો અહીંયાથી.. તમારું કામ પૂરું થઈ ગયું છે. હવે મેરે અંગને મેં તુમ્હારા ક્યા કામ હૈ?'

...ને આ મુંબઈ શહેરમાં આમ પણ બહારનાઓની હવે ક્યાં જરૂર છે? •

# હાર સ્વીકાર્ય પણ પોતાના માટે રમવું નિરર્થક, લક્ષ્ય જ મહત્વપૂર્ણઃ ગૌતમ ગંભીરનો સીધો સાદો સિદ્ધાંત

20 26ના T20 વર્લ્ડકપ ફાઈનલમાં ભારતનો વિજય માત્ર એક ટ્રોફી નહોતો, તે દૂરંદેશી અને હિંમતનો વિજય હતો જેણે આખી ટીમને બદલી નાખી. આ વિજયના કેન્દ્રમાં એક નામ સતત ચર્ચામાં રહ્યું અને તે છે ગૌતમ ગંભીર. પોતાના સ્પષ્ટવક્તા સ્વભાવ, કઠિન નિર્ણયો અને ટીકાનો સામનો કરવાથી ડરતા ન હોવા માટે જાણીતા, ગંભીરે ફરી એકવાર સાબિત કર્યું કે જો તમે તમારા નિર્ણયો પર અડગ રહો છો,

**ખેલખેલમેં**

તો પરિણામો ઐતિહાસિક હોઈ શકે છે. વર્લ્ડકપની શરૂઆતમાં, બધાની નજર ગૌતમ ગંભીર પર હતી. ગંભીર એવા વ્યક્તિત્વોમાંનો એક છે જેના વિશે લોકોનો મત ખૂબ જ વિભાજીત છેઃ કાં તો તમને તે ખૂબ ગમે છે અથવા તો તમને તે બિલકુલ નાપસંદ છે. પરંતુ એક વાત ચોક્કસ છેઃ તે ક્યારેય કઠિન નિર્ણયો લેવામાં ડરતો નથી અને તે જે પણ નિર્ણય લે છે તેની જવાબદારી લે છે. જો કોઈ નિર્ણય ખોટો પડે તો પણ તે કેપ્ટન કે બીજા કોઈને દોષ આપતો નથી. વર્ષોથી આ તેનો સ્વભાવ રહ્યો છે.

અભિષેક શર્માનો કિસ્સો ગંભીરના દૃઢ નિશ્ચયનું ઉત્તમ ઉદાહરણ છે. ગંભીરે સતત તેનું સમર્થન કર્યું, ભલે તે સમયે સામાન્ય અભિપ્રાય તેની વિરુદ્ધ હતો. જો અભિષેક શર્મા ફાઈનલમાં નિષ્ફળ ગયો હોત, તો તેને આકરી ટીકાનો સામનો કરવો પડ્યો હોત. પરંતુ આ ગંભીરની શૈલી છે. તે પોતાના નિર્ણયો પર અડગ રહે છે. ફાઈનલમાં માત્ર 19 બોલમાં અભિષેકની અડધી સદી તેના માટે એટલી જ ખાસ હતી જેટલી તે હોય છે, અને ગંભીરે તે આત્મવિશ્વાસ પૂરો પાડ્યો.

મુખ્ય કોચે સંજુ સેમસન અને અભિષેક શર્મા બંનેને ખાતરી આપી હતી કે બે-ત્રણ ખરાબ ઈનિંગ્સ



ગંભીરના આત્મવિશ્વાસનો પુરાવો હતો. ગંભીર સારી રીતે જાણતો હતો કે અભિષેક શર્મા ટોચના ક્રમમાં લગભગ 195ના સ્ટ્રાઈક રેટથી સ્કોર કરે છે. એ સાચું છે કે આવો આક્રમક બેટ્સમેન ક્યારેક વહેલો આઉટ થઈ શકે છે, પરંતુ જે દિવસે તેઓ પ્રદર્શન કરે છે, તે દિવસે તેઓ મેચનો માર્ગ બદલી શકે છે. ખેલાડીને આ રીતે રમવા માટે આત્મવિશ્વાસ અને સ્વતંત્રતાની જરૂર પછી તેમના સ્થાન જોખમમાં નહીં આવે. પરિણામે, બંને બેટ્સમેન નિર્ભયતાથી રમ્યા. ગમે કે ન ગમે, ગંભીરના નિર્ણાયક નિર્ણયે ભારતની T20 રમતને આકાર આપ્યો અને આખરે ટાઈટલ તરફ દોરી ગયો. હવે પ્રશ્ન એ છે કે ભારતના મુખ્ય કોચ તરીકે ગંભીરનું આગામી લક્ષ્ય શું હશે? શું તે હવે 2027ના વન ડે વર્લ્ડકપ પર ધ્યાન કેન્દ્રિત કરશે? યાદ રાખો, તે માત્ર બે વર્ષમાં ભારતને ચેમ્પિયન્સ ટ્રોફી, એશિયા કપ અને T20 વર્લ્ડકપ જેવી મોટી ટુર્નામેન્ટમાં જીત સુધી દોરી ગયો છે. ગંભીર ભલે રેડ-બોલ ક્રિકેટમાં સંપૂર્ણપણે સફળ ન થયો હોય, પરંતુ મર્યાદિત ઓવરના ક્રિકેટમાં તેમનો રેકોર્ડ પ્રભાવશાળી છે. ફેબ્રુઆરી 2025માં ઈંગ્લેન્ડની મજબૂત વ્હાઈટ-બોલ ટીમ સામે ઘરઆંગણે ભારતની જીતે ચેમ્પિયન્સ ટ્રોફીનો પાયો નાખ્યો. ભારતે ખૂબ સંઘર્ષ કર્યા વિના ટાઈટલ જીત્યું.

**ગંભીરે ફરી એકવાર સાબિત કર્યું કે જો તમે તમારા નિર્ણયો પર અડગ રહો છો, તો પરિણામો ઐતિહાસિક હોઈ શકે છે, ગંભીર તમને ક્યાં તો ખુબ પસંદ હોઇ શકે અથવા જરાપણ પસંદ ન હોઇ શકે પણ તેના વિશે એક વાત ચોક્કસ છે કે તે આકરા નિર્ણય લેવામાં ક્યારે પીછે હઠ કરતો નથી અને તેની એ જ ખાસિયત તેને બધાથી અલગ બનાવે છે**

ગંભીર કહે છે કે એક કોચ તરીકે, હું નિર્ણયો લેતી વખતે ડેટા કરતાં મારા અંતઃપ્રેરણા પર વધુ આધાર રાખું છું. દરેક કોચનો ટીમ પ્રત્યેનો પોતાનો અનોખો દ્રષ્ટિકોણ અને અભિગમ હોય છે. જો મને લાગે છે કે કોઈ નિર્ણય ટીમ માટે યોગ્ય છે, તો હું તેની સાથે ઉભો છું, અને જો તે ખોટો સાબિત થાય છે, તો હું જવાબદારી સ્વીકારું છું. ટીમનું રમત, વર્તન અને વાતાવરણ બધું જ મારા પોતાના વિચાર અને દ્રષ્ટિકોણનો ભાગ છે, જ્યારે ભવિષ્યના કોચ પોતાના દ્રષ્ટિકોણ લેશે અને ટીમને આગળ લઈ જશે. તેણે એમ પણ કહ્યું કે જ્યારે જરૂર પડે છે, ત્યારે હું વીવીએસ લક્ષ્મણ અને અજિત અગરકર જેવા અનુભવી લોકો સાથે ક્રિકેટની ચર્ચા કરું છું. આ બાબતો ગંભીર પોતાના નિર્ણયો બાબતે કેટલો સ્પષ્ટ છે તે દર્શાવે છે.

ભારતે ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ જેવી મજબૂત ટીમોને સરળતાથી હરાવી, જે એક નોંધપાત્ર સિદ્ધિ છે, જેનો અંત અમદાવાદમાં ફાઈનલમાં થયો. ગંભીર હંમેશા તેની લડાયક ભાવના માટે જાણીતો છે. તે દબાણમાં ડરતો નથી અને ટીકાથી ડરતો નથી. ટેસ્ટ ક્રિકેટમાં ભારતના નબળા પ્રદર્શન માટે તેને ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તે દબાણમાં તૂટી પડવાનો નથી. તેના બદલે, તેણે તે ફોર્મેટ પર ધ્યાન કેન્દ્રિત કર્યું જેણે તેને ભારતનો મુખ્ય કોચ બનાવ્યો અને એક એવી ટીમ બનાવી જે તેના દિવસે લગભગ અજેય છે. દક્ષિણ આફ્રિકા સામેની હાર ટીમ માટે ચેતવણી સમાન હતી. ત્યારબાદ સંજુને અચાનક ફરીથી ઈનિંગ્સ ઓપન કરવા માટે બઢતી આપવામાં આવી, અને તિલક વર્માને મધ્યમ ક્રમમાં તક આપવામાં આવી. બંને નિર્ણયો સંપૂર્ણ સફળ સાબિત થયા. ગંભીરના કોચિંગ હેઠળ, ભારતે રોહિત અને રાહુલ દ્રવિડના નેતૃત્વમાં 2024માં જીતેલા T20 વર્લ્ડકપના ખિતાબનો સફળતાપૂર્વક બચાવ કર્યો, અને આવું કરનારી પ્રથમ ટીમ બની. અને હા, ગંભીરે વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. તે ખેલાડી અને કોચ બંને તરીકે સફેદ બોલનો વર્લ્ડકપ જીતનાર પ્રથમ અને એકમાત્ર ક્રિકેટર બન્યો છે. આ આંકડા તેના ટીકાકારો માટે પચાવવું થોડું મુશ્કેલ હોઈ શકે છે.•